# ***મે. એડિશનલ ચીફ જ્યુડિ.મેજિ.સાહેબની કોર્ટમાં, મુ. પાલિતાણા.***

**ફોજદારી કેસ નં.–૨૦૭૮/૨૦૨૧.**

**આંક–૧૫**

(પાલિતાણા રૂરલ પોલીસ સ્ટેશન,
એ–પાર્ટ, ગુ.ર., નં.–૧૦૦૮૫/૨૦૨૧). ***.....ફરિયાદી.***

## વિરૂદ્ધ

(૧) નારૂભાઈ ચકુરભાઈ ઉર્ફે શકુરભાઈ પરમાર.
ઉ.વ.આ.–૩૦, ધંધો–ખેતી,
રહે. મુળ ગામ–મઢડા, તા:સિહોર,
હાલ રહે. પીપરલા ગામ, જિતુભાઈ દેસલભાઈ રજપૂતની વાડીએ,
તા:સિહોર.

(૨) વનરાજભાઈ ઉર્ફે વનો અનકુભાઈ વાઘેલા.
ઉ.વ.આ.–૩૨, ધંધો–ખેતી,
રહે. હાલ કુંભણ, ધીરૂભાઈ રાણાભાઈ ગોહિલની વાડીમાં, તા:પાલિતાણા,
મુળ રહે. દેરાળા ગામ, તા:ગઢડા, જિ:બોટાદ. ***.....આરોપીઓ.***

***ગુન્હો:–ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૫, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયે.....***

---

**–::(કમિટલ હુકમ)::–**

---

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે,

આ કામના ફરીયાદીના નાના ભાઈ નારૂભાઈ શકુરભાઈ(આરોપી નં.–૧) એ ફરીયાદી પાસે સોનાના હારમાં ભાગ માંગતા, ફરીયાદીએ હારમાં ભાગ આપવાની ના પાડેલ હોઇ, તેની દાઝ રાખી, આરોપી નં.–૧ તથા તેમના સાળા આરોપી નં.–૨નાએ ગઇ તા.૩/૩/૨૦૨૧ના રોજ રાત્રિના બેએક વાગ્યે, પાલિતાણા તાલુકાના ઘોડીઢાળ પાસે, કુંભણ રોડ પર આવેલ ફરીયાદીના ઝુંપડામાં જઈ, ફરીયાદી તથા તેમના બાળકોને લોખંડના સળીયા વડે શરીરે આડેધડ માર મારી, ફ્રેકચર તેમજ ઈજાઓ કરી, જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, એકબીજાના મેળાપીપણામાં ગુનો કર્યા અંગેની

ફરિયાદ ફરિયાદીએ પાલિતાણા રૂરલ પો.સ્ટેશનમાં આપતા, સદર ફરિયાદ એ–પાર્ટ, ગુ.ર., નં.–૧૦૦૮૫/૨૦૨૧થી રજીસ્ટરે લઇ, ત.ક.અ.શ્રી દ્વારા તપાસના કામે સાહેદોના નિવેદન નોંધી, તપાસના અંતે, આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૫, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરતા, તેને ફોજદારી રજીસ્ટરે લઇ, ફો.કેસ નં.–૨૦૭૮/૨૦૨૧ આપવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓ જામીનમુકત થયેલા હોય, તેઓ આજરોજ અત્રેની અદાલતમાં હાજર થતા, તેઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો પૂરી પાડવામાં આવી. આરોપી સામેના ગુન્હાનો પ્રકાર જોતા, આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૫, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આરોપ છે અને **સદર ગુન્હાનો ક્રોસ ફોજદારી કેસ નં.–૩૦૫૮/૨૦૨૧(આઇ.પી.સી.ની કલમ–૨૧૧ વિ.) સેશન્સ કમિટ કરેલ હોઇ**, હાલના ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ અદાલતને હોઇ, આરોપીઓને તેમના બચાવ માટે નામ. સેશન્સ કોર્ટમાં સરકાર તરફે વકીલ રોકી, બચાવ કરવા માંગે છે કે ખાનગી વકીલ રોકી, બચાવ કરવા માંગે છે ? તે મતલબની આરોપીઓની આંક–૧૨ તથા આંક–૧૩થી પ્લી નોંધતા, આરોપીઓએ સ્વખર્ચે વકીલ રોકી, બચાવ કરવાનું જાહેર કરેલ છે તથા આરોપીઓના જામીનદારે નામ. સેશન્સ અદાલતમાં જામીન તરીકે ચાલુ રહેવા માટે આંક–૧૪થી પુરસીસ આપેલ છે.

(૩) આમ આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હાનો પ્રકાર જોતા, ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૨૪, ૩૨૫, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આરોપ છે અને **સદર ગુન્હાનો ક્રોસ ફોજદારી કેસ નં.–૩૦૫૮/૨૦૨૧(આઇ.પી.સી.ની કલમ–૨૧૧ વિ.) સેશન્સ કમિટ કરેલ હોઇ**, સદર ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ અદાલતને છે જેથી સદર કેસ નામ. સેશન્સ અદાલતમાં સી.આર.પી.સી. કલમ–૨૦૯ અન્વયે કમિટ કરવાનું ન્યાયી અને ઉચિત જણાતુ હોય, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–:/(હુ ક મ)/:–</u>**

(૧) પાલિતાણા કોર્ટના ફોજદારી કેસ નં.–૨૦૭૮/૨૦૨૧ના કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૫, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આરોપ છે અને **સદર ગુન્હાનો ક્રોસ ફોજદારી કેસ નં.–૩૦૫૮/૨૦૨૧(આઇ.પી.સી.ની કલમ–૨૧૧ વિ.) સેશન્સ કમિટ કરેલ હોઇ**, હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ અદાલતને હોઇ, સદરહું કેસ તથા કેસનું તમામ પ્રોસીડીંગ તથા કેસનો તમામ મુદ્દામાલ, કમિટ કેલેન્ડર તૈયાર કરી, મુદ્દામ માણસ સાથે નામ. સેશન્સ અદાલત, ભાવનગરને મુદ્દત તા.૧૫/૬/૨૦૨૨ના રોજ કે, તે પહેલા તૈયાર કરી મોકલી આપવા આથી, હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહું હુકમની જાણ આસી. ગવર્નમેન્ટ પ્લીડરશ્રી–ભાવનગરને કરવી.

(૩) આરોપીઓ સામેનો કેસ હવે પછી નામ. સેશન્સ અદાલત–ભાવનગર ખાતે ચાલનાર છે, તે અંગે રૂબરૂ સમજ કરી.

હુકમ આજ તારીખ–૨૨, માહે–એપ્રિલ, સને–૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી –સંભળાવી, જાહેર કર્યો.

સ્થળઃપાલિતાણા.

**(યોગેશ રાજેશકુમાર અગ્રવાલ)**
એડિ. ચીફ જ્યુડિ.મેજિ.–પાલિતાણા.
(કોડ નં.–જી.જે.–૦૦૯૭૫).

એચ.બી.જોષી(પી.એ.).